ફોન :-
પાટણ : ૨૩૦૦૬૮/૨૨૦૨૨૮
: ૨૩૦૮૦૮/૨૨૧૩૪૭
હારીજ : ૨૨૨૪૦૪
ઉંઝા : ૨૫૩૪૧૯
અમદાવાદ : ૪૦૨૩૨૧૯૨
Email : dptco123@gmail.com,

ESTD DPT 1956

# ડી. પી. ઠક્કર એન્ડ કાં.
# ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ
ટેક્ષ કન્સલટન્ટસ
'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ.

Website : www.dpthakker.com

બ્રાન્ચ : નીધી હોસ્પીટલ બિલ્ડીંગ, સ્ટેડીયમ કોમર્સ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯


તા. ૧૦-૬-૨૦૨૦

**ભાઇશ્રી**

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ તા. ૩૧/૩/૨૦૨૦ ના રોજ પુરૂ થાય તે પહેલાં ''કોરોના'' મહામારીએ આપણે બધાને આપણી જીંદગીમાં ન કલ્પેલા સમયમાંથી પસાર કર્યા છે અને હવે ધીમે-ધીમે જુની ઘરેડમાં પ્રવૃત્તિમય થઇ રહ્યાં છીએ.

(૨) આ સમય દરમ્યાન તા. ૩૧/૦૩/૨૦૨૦ ના રોજ નાણાંકીય વર્ષ પુરૂ થતું હતું એટલે તેના અનુસંધાનમાં વેપારીઓ જે કાર્યવાહી કરી શકે તેમ હતાં તે કરી શક્યા નથી એટલે તેવી બાબતોમાં ઇન્કમટેક્ષ ખાતા એ મુદ્દતમાં વધારો કર્યો છે જેની મુખ્ય વિગત નીચે પ્રમાણે છે :-

(૧) સને ૨૦૧૮-૧૯ A.Y. ૨૦૧૯-૨૦ માટે જે વેપારીઓને રીટર્ન ભરવાના બાકી હોય અથવા ભરેલા રીટર્ન અંગે રીવાઇઝ રીટર્ન ફાઇલ કરવા હોય તેની મુદ્દત તા. ૩૧/૦૩/૨૦૨૦ હતી તે વધારીને તા. ૩૦ જૂન ૨૦૨૦ કરેલી છે.

(૨) ઇન્કમટેક્ષ કાયદા હેઠળ વીમા પ્રિમિયમ વિગેરે કપાત રૂા. ૧,૫૦,૦૦૦/- ની મર્યાદામાં જે બાદ મળે છે તે ભરવાની બાકી હોય તો તા. ૩૦/૬/૨૦૨૦ સુધી ભરી દેવામાં આવે તો કપાત બાદ મળી શકશે.

તેવી જ રીતે અન્ય કોઇ કપાત બાદ લેવા માટે પેમેન્ટ કરવાનું બાકી હોય તો તા. ૩૦/૬/૨૦૨૦ સુધી કરી શકાશે અને કેપિટલ ગેઇન હેઠળ કપાત બાદ લેવા માટે તા. ૩૦/૬/૨૦૨૦ સુધી રોકાણ કરી શકાશે.

(૩) એડવાન્સ ટેક્ષ કે T.D.S કે T.C.S કે સેલ્ફ એસેસમેન્ટ ટેક્ષ ભરવાનો બાકી હોય તો તા. ૩૦/૦૬/૨૦૨૦ સુધી ૯ ટકા વ્યાજ ઉમેરીને ભરી શકાશે.

(૪) ઇન્કમટેક્ષ વ્યાજકપાત ન થાય તે માટે ફોર્મ 15G કે ફોર્મ 15H ભરવાના હોય કે વ્યાજ કપાત કે પગાર કપાત ના ફોર્મ 24Q/26Q વિગેરે સ્ટેટમેન્ટ તા. ૩૦/૦૬/૨૦૨૦ સુધીમાં ભરી દેવા જરૂરી છે તેવી જ રીતે રૂા. ૨ લાખ થી વધુ રકમનાં રોકડેથી કરેલાં વેચાણો કે રીસીપ્ટસ અંગે ફોર્મ નં. 61 સ્ટેટમેન્ટ પણ તા. ૩૦/૦૬/૨૦૨૦ સુધીમાં ભરવું પડે.

(૫) એટલે જે વેપારી ભાઇઓને ઉપરોક્ત વિગત લાગુ પડતી હોય તેમણે જરૂરી વિગતો મોકલવી. જેથી તા. ૩૦/૦૬/૨૦૨૦ પહેલાં જે તે ફોર્મ ભરી શકાય.

(૩) સને ૨૦૧૯-૨૦ A.Y. ૨૦૨૦-૨૧ માટે ઇન્કમટેક્ષ રીટર્ન ભરવાની મુદત પણ વધારી છે તે નીચે મુજબ છે :-

(૧) જે વેપારીને ઓડીટ કરાવવાનું ન હોય તથા ધંધો કે પગાર કે વ્યાજ કે ભાડા વિગેરેની આવક હોય તેવી વ્યક્તિઓ અને પેઢીઓને રીટર્ન ભરવાની **તા. ૩૧/૦૭/૨૦૨૦ હતી તે વધારીને તા. ૩૦/૧૧/૨૦૨૦ કરી છે.**

(૨) જે વેપારીઓને વકરાના ૬ ટકા કે ૮ ટકા જે લાગુ પડતું હોય તે પ્રમાણે આવક ગણત્રી કરીને રીટર્ન ભરવાના હોય પરંતુ કલમ 44AD હેઠળ ઓડીટ કરાવીને રીટર્ન ભરવું હોય તેમનાં કેસમાં નીચે મુજબની તારીખો છે :-

D.P. Thakker & Co.

(૧) ઓડીટ રીપોર્ટ રજુ કરવાની તા. ૩૧/૧૦/૨૦૨૦

(૨) રીટર્ન ભરવાની તા. ૩૦/૧૧/૨૦૨૦

(૩) જે વેપારીઓને ફરજિયાત ઓડીટ કરાવવું જરૂરી છે તેમના કેસમાં તથા આવી પેઢીઓના ભાગીદારોના કેસમાં રીટર્ન ભરવાની તારીખ નીચે મુજબ છે :-

(૧) ઓડીટ રીપોર્ટ રજુ કરવાની તા. ૩૧/૧૦/૨૦૨૦

(૨) રીટર્ન ભરવાની તા. ૩૦/૧૧/૨૦૨૦

(૪) ધર્માદા ટ્રસ્ટના કેસમાં રીટર્ન ભરવાની તારીખ નીચે મુજબ છે :-

(૧) ઓડીટ રીપોર્ટ રજુ કરવાની તા. ૩૧/૧૦/૨૦૨૦

(૨) રીટર્ન ભરવાની તા. ૩૦/૧૧/૨૦૨૦

(૫) ટ્રાન્સફર પ્રાઈસીંગની જોગવાઈ જે વેપારીઓને લાગુ પડે છે તેમના કેસમાં રીટર્ન ભરવાની તારીખ નીચે મુજબ છે :-

(૧) ટ્રાન્સફર પ્રાઈસીંગ અંગેનો ઓડીટ રીપોર્ટ તથા ધંધા અંગેના ઓડીટ રીપોર્ટ રજુ કરવાની તા. ૩૧/૧૦/૨૦૨૦ છે.

(૨) રીટર્ન ભરવાની તા. ૩૦/૧૧/૨૦૨૦ છે.

(૬) અત્યાર સુધી ઓડીટ રીપોર્ટ રજુ કરવાની તારીખ અને રીટર્ન રજુ કરવાની તારીખ એક જ હતી. એટલે છેલ્લી તારીખોમાં તકલીફ બહુ રહેતી તેથી હવે ઓડીટ રીપોર્ટ પહેલાં રજુ કરવાનો અને પછી એક મહીનામાં રીટર્ન ભરવાની જોગવાઈ કરી છે.

(૪) T.D.S કે T.C.S ના દરમાં તા. ૧૪/૦૫/૨૦૨૦થી ઘટાડો કરવામાં આવેલ છે. આ ઘટાડો T.D.S માં અને T.C.S માં ૨૫ ટકા લેખે કરવામાં આવેલ છે અને આ સુધારો તા. ૧૪/૦૫/૨૦૨૦ થી કરેલો છે. એટલે તે તારીખથીજ આ જોગવાઈ લાગુ પડે છે. એટલે તા. ૧૪/૦૫/૨૦૨૦ પહેલાં તા. ૦૧/૦૪/૨૦૨૦ થી તા. ૧૩/૦૫/૨૦૨૦ સુધી T.D.S કે T.C.S કરી હોય કે કરવાની હોય તે જુના ઘટાડા પહેલાંના દરથી ભરવી પડે T.D.S ના દર નીચે પ્રમાણે છે :-

| કલમ | ચુકવણીનો પ્રકાર તથા નિયત મર્યાદા | ૧/૪/૨૦૨૦ થી ૧૩/૫/૨૦૨૦ સુધીના T.D.S ના દર | ૧૪/૦૫/૨૦૨૦ થી ૩૧/૩/૨૦૨૧ સુધીના T.D.S ના દર |
|---|---|---|---|
| 192 | ટેક્ષેબલ પગારની ચુકવણી ઉપર | વ્યક્તિને લાગુ પડતા દરથી | |
| 193 | સીક્યોરીટી ઉપરનું વ્યાજ | ૧૦% | ૭.૫૦% |
| 194 | ડિવીડન્ડ રૂા. ૫૦૦૦/- થી વધુ ચુકવણી ઉપર | ૧૦% | ૭.૫૦% |
| 194A | (૧) બેંક/કો.ઓ.બેંક તથા પોસ્ટ ઓફિસ **સિવાય ગમે તે દ્વારા વ્યાજની વાર્ષિક રૂા.૫૦૦૦/- થી વધુ ચુકવણી ઉપર........................** | ૧૦% | ૭.૫૦% |
| | (૨) બેંક/કો.ઓ.બેંક તથા પોસ્ટ ઓફિસ ડીપોઝીટના વ્યાજની વાર્ષિક રૂા.૪૦૦૦૦/- થી વધુ ચુકવણી કરે તેના ઉપર (સેવીંગ ખાતાના વ્યાજ ઉપર TDS નથી) .................................................. | ૧૦% | ૭.૫૦% |
| | (૩) સિનીયર સિટીજનને બેંક/કો.ઓ.બેંક/પોસ્ટ ઓફિસના વ્યાજની વાર્ષિક રૂ. ૫૦,૦૦૦/- થી વધુ ચુકવણી ઉપર ............................ | ૧૦% | ૭.૫૦% |

D.P. Thakker & Co.

| કલમ | ચુકવણીનો પ્રકાર તથા નિયત મર્યાદા | ૧/૪/૨૦૨૦ થી ૧૩/૦૫/૨૦૨૦ સુધીના T.D.S ના દર | ૧૪/૦૫/૨૦૨૦ થી ૩૧/૦૩/૨૦૨૧ સુધીના T.D.S ના દર |
|---|---|---|---|
| 194C | (૧) વ્યકિત કે HUF હોય તેવાં કોન્ટ્રાકટર કે સબ કોન્ટ્રાકટર કે એડવર્ટાઈઝીંગ એજન્ટ કે ટ્રાન્સપોર્ટર ને પેમેન્ટ આપવામાં આવે અને PAN હોય તો (PAN ન હોય તો ૨૦%) ............................................ | ૧ % | ૦.૭૫ % |
| | (૨) ભાગીદારી પેઢી કે કંપની ને ઉપર મુજબ પેમેન્ટ આપવામાં આવે ત્યારે | ૨ % | ૧.૫૦ % |
| | (૩) ૧૦ કે તેથી ઓછી ટ્રક ધરાવનાર ટ્રાન્સપોર્ટરના કેસમાં જો PAN અને ડેકલેરેશન પુરૂં પાડવામાં આવે તો..................................... | શૂન્ય | શૂન્ય |
| | જો PAN / ડેકલેરેશન પુરૂં પાડવામાં ન આવે તો ...................... | ૨૦ % | ૨૦% |
| | (૪) ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટર (જેની પોતાની ટ્રક ના હોય) ના કેસમાં PAN પુરો પાડવામાં આવે તો (અંગત HUF માં ૧%) તે સિવાય................ | ૨ % | ૧.૫૦ % |
| | જો PAN પુરો પાડવામાં ન આવે તો ................................. | ૨૦ % | ૨૦% |
| | (૫) ઉપર મુજબનું પેમેન્ટ એક સાથે રૂા. ૩૦,૦૦૦/- થી ઓછું કરવામાં આવે અને આખા વર્ષ દરમિયાન પેમેન્ટ રૂા. ૧,૦૦,૦૦૦/- થી ઓછું હોય તો | શૂન્ય | શૂન્ય |
| 194H | કમીશન/દલાલી વાર્ષિક રૂા. ૧૫,૦૦૦/- થી વધુ ચુકવવામાં આવે અને PAN હોયતો............................................................. | ૫% | ૩.૭૫ % |
| | અને જો PAN ન હોય તો ................................................ | ૨૦% | ૨૦ % |
| 194I | (૧) જમીન કે મકાનનું વાર્ષિક ભાડુ રૂા. ૨,૪૦,૦૦૦/- થી વધુની ચુકવણી ઉપર PAN હોય તો .................................................... | ૧૦% | ૭.૫૦% |
| | (૨) મશીનરી પ્લાન્ટ ઇકવીપમેન્ટનું વાર્ષિક ભાડુ રૂા. ૨,૪૦,૦૦૦/- થી વધુની ચુકવણી ઉપર PAN હોય તો .................................. | ૨% | ૧.૫૦% |
| | અને PAN ના હોય તો .............................................. | ૨૦% | ૨૦% |
| 194IA | ખેતીની જમીન સિવાય અન્ય સ્થાવર મિલ્કત રૂા. ૫૦ લાખથી વધુની ખરીદ કરનારે વેચાણ કરનારને ચુકવવાની રકમ ઉપર TDS કરવી પડે જે રકમ વેચાણ કિંમતમાંથી કાપીને ભરવાની છે. જો PAN હોય તો .................. | ૧% | ૦.૭૫% |
| | અને જો PAN ન હોય તો ................................................ | ૨૦% | ૨૦% |
| 194IB | ઓડીટ પાત્ર ન હોય તેવી વ્યકિત કે HUF કોઇ રેસીડેન્ટને સ્થાવર મિલ્કતનું માસીક ભાડું રૂા.૫૦,૦૦૦/- થી વધુ રકમનું ચુકવે તો જો PAN હોય તો... | ૫% | ૩.૭૫% |
| | અને જો PAN ન હોય તો ................................................ | ૨૦% | ૨૦% |
| 194IC | જોઇન્ટ ડેવલોપમેન્ટ એગ્રીમેન્ટ પ્રમાણે પેમેન્ટ ઉપર | ૧૦% | ૭.૫૦% |
| 194J | (૧) પ્રોફેશનલ કોલ સેન્ટર સિવાય ને ચુકવવાની રૂા. ૩૦,૦૦૦/- થી વધુ રકમની પ્રોફેશનલ ફી ની ચુકવણી ઉપર PAN હોયતો ................. | ૧૦% | ૭.૫૦% |
| | જો PAN ન હોય તો ..................................................... | ૨૦% | ૨૦% |
| | (૨) ટેકનીકલ સર્વિસીસ માટેની ફી ઉપર PAN હોયતો ..................... | ૨% | ૧.૫૦% |
| | જો PAN ન હોય તો ..................................................... | ૨૦% | ૨૦% |
| | **નોંધ : ટેકનીકલ સર્વિસીસ ઉપર તા. ૩૧/૦૩/૨૦૨૦ સુધી TDS નો દર ૧૦% હતો તે ઘટાડીને ૨% કરેલ છે.** | | |
| | (૩) કોલ સેન્ટરને ૩૦,૦૦૦/- ઉપરના પેમેન્ટ ઉપર ....................... | ૨% | ૧.૭૫% |
| | જો PAN ન હોય તો ..................................................... | ૨૦% | ૨૦% |

D.P. Thakker & Co.

| | | | |
|---|---|---|---|
| 194LA | ખેતીની જમીન સિવાય સ્થાવર મિલ્કતના ફરજીયાત સંપાદનના કેસમાં વળતરની રૂા.૨,૫૦,૦૦૦ થી વધુ રકમની ચુકવણી ઉપર જો PAN હોયતો...<br>જો PAN ન હોયતો ............................................................ | ૧૦ %<br>૨૦ % | ૭.૫૦ %<br>૨૦ % |
| 195 | નોન રેસીડેન્ટને આપવામાં આવતું વ્યાજ, ભાડું, નફાનો ભાગ વિગેરે ચુકવણી માટે | જુઓ પેરા (૧૧) | જુઓ પેરા (૧૧) |
| 194DA | લાઇફ ઇન્સ્યોરન્સ કંપની વીમા પોલીસી પાકતી મુદતે ચુકવે તો રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી TDS નથી તેનાથી વધુ રકમ ઉપર વીમો મેળવનાર ને PAN હોય તો.............................................................<br>જો PAN ના હોય તો........................................................ | ૫ %<br>૨૦ % | ૩.૭૫ %<br>૨૦ % |
| 194D | વીમા કંપની તેના એજન્ટને રૂા. ૧૫૦૦૦/- થી વધુ કમીશન ચુકવે તો ........ | ૫ % | ૩.૭૫ % |
| 194N | જુની કલમના બદલે નવી કલમ તા.૦૧/૦૪/૨૦૨૦ થી દાખલ કરી છે તે પ્રમાણે.<br>(૧) નેશનલાઇઝ બેંક કે શીડ્યુલ બેંક કે કો.ઓ. બેંક કે પોસ્ટ ઓફિસ વ્યક્તિ /HUF/પેઢી/કંપની વિગેરેને વર્ષ દરમ્યાન એક કે વધુ ખાતા હોય તો બધા ખાતામાંથી મળીને રૂા. ૧ કરોડ કે તેથી વધુ રોકડ રકમ આપે / ચુકવે તો<br>(૨) આવી રીતે બેંકમાંથી રોકડ રકમ ઉપાડનારે અગાઉના ત્રણ વર્ષ માટે જો ઇન્કમટેક્ષ રીટર્ન ન ભરેલા હોય તો રૂા. ૨૦ લાખ કરતાં વધુ રોકડ રકમ વર્ષ દરમ્યાન ઉપાડ કરે તો રૂા. ૨૦ લાખ થી ૧ કરોડ સુધીના ઉપાડ ઉપર........................................<br>અને<br>જો રૂા. ૧ કરોડથી વધુ રોકડ રકમ ઉપાડ કરે તો..................<br>**(૩) APMC ના લાઇસન્સદાર વેપારી ખેડૂત પાસેથી ખરીદ કરેલા માલનું રોકડ પેમેન્ટ કરવા માટે બેંકમાં જે ખાતાની જાણ કરી હોય તે ખાતામાંથી રૂા.૧ કરોડથી વધુ ગમે તેટલી રોકડ રકમ ઉપાડ કરે તો જુની કલમ હેઠળ નોટીફીકેશનથી આપેલી છૂટ-છાટ પ્રમાણે બેંક T.D.S કરતી નથી.**<br>**(૪) પરંતુ તા. ૧/૦૭/૨૦૨૦ થી કલમ 194-N જે હતી તે રદ થઇ છે અને તેના બદલે નવી કલમ દાખલ કરી છે એટલે જ્યાં સુધી નવી 194-N કલમ હેઠળ સેન્ટ્રલ ગવર્મેન્ટ નવું નોટીફીકેશન જાહેર ના કરે તયાં સુધી રૂા. ૧ કરોડથી વધુ રોકડ રકમના ઉપાડ ઉપર બેંકે કરવાની T.D.S નો દર ......**<br>**નોંધ : APMC માં વેપાર કરતાં વેપારીઓએ APMC મારફત CBDT માં તાત્કાલીક રજૂઆત કરાવીને અગાઉ નોટીફીકેશનથી ખેડૂતોને પેમેન્ટ કરવા માટે બેંક ખાતામાંથી T.D.S. થાય નહીં તે માટેની જે રાહત આપેલી છે તે ચાલુ રહે તે માટે નવું નોટીફીકેશન બહાર પાડવા રજૂઆત કરાવવી જરૂરી છે.** | ૨ %<br>૨%<br>૫%<br>૨% | ૨ %<br>૨%<br>૫%<br>૨% |
| 194M | જે વ્યક્તિ કે HUF ને કલમ- 194 C તથા 194 A તથા 194 J ની TDS કરવાની જોગવાઇ લાગુ પડતી નથી. તેવી વ્યક્તિ કે HUF કોઇ વ્યક્તિ કે પેઢીને વર્ષ દરમ્યાન કોન્ટ્રાક્ટ કામ કે બ્રોકરેજ કે પ્રોફેશનલ ફી રૂા. ૫૦ લાખથી વધુનું પેમેન્ટ કરે ત્યારે કરવાની TDSની રકમ ............................ | ૫ % | ૩.૭૫ % |

D. P. Thakker & Co.

| | | | |
|---|---|---|---|
| | નોંધ : (૧) આ જોગવાઈ કોઈ વેપાર ધંધાને લાગુ પડતી નથી.<br>(૨) આ જોગવાઈ અંગત કે HUF પોતાને રહેવા માટે કે ભાડે આપવા માટે સ્થવાર મિલ્કત બનાવે તેને લાગુ પડે છે. | | |

## (૫) ટેક્ષ કલેકશન એટ સોર્સ T.C.S :-

(૧) T.C.S ના દર નીચે પ્રમાણે છે :-

| સેકશન | T.C.S ને પાત્ર માલ અને સેવાઓ | ૧/૪/૨૦૨૦ થી ૧૩/૫/૨૦૨૦ સુધીના T.C.S ના દર | ૧૪/૫/૨૦૨૦ થી ૩૧/૩/૨૦૨૧ સુધીના T.C.S ના દર |
|---|---|---|---|
| 206C(1) | (૧) જંગલ લીઝથી મેળવેલ લાકડું<br>(૨) ઉપર એક સિવાય અન્ય રીતે મેળવેલું લાકડું<br>(૩) લાકડું તથા ટેન્ડુલીવ્સ સિવાયની જંગલમાંથી મેળવલી કોઈપણ વસ્તુ | ૨.૫૦%<br>૨.૫૦%<br>૨.૫૦% | ૧.૮૭%<br>૧.૮૭%<br>૧.૮૭% |
| 206C(1) | (૧) ટેન્ડુલીવ્સ | ૫% | ૩.૭૫% |
| 206C(1) | (૧) મીનરલ્સ, કોલ અથવા લીગ્નાઈટ અથવા આયર્ન ઓર | ૧% | ૦.૭૫% |
| 206C(1) | (૧) ભંગાર દરેક પ્રકારનો | ૧% | ૦.૭૫% |
| 206C(1) | નીચેના બાબતના લાયસન્સ / લીઝ વિગેરે<br>(૧) પાર્કીંગ પ્લોટ<br>(૨) ટોલ પ્લાઝા<br>(૩) ખાણ અને ખનન (માઈનીંગ) તથા ક્વોરીંગ | ૨% | ૧.૫૦% |
| 206C(1F) | રૂા. ૧૦ લાખથી વધુ કિંમતની મોટરકારનું વેચાણ | ૧% | ૦.૭૫% |
| **નીચેની જોગવાઈનો અમલ તા. ૧/૧૦/૨૦૨૦થી શરૂ થશે.** | | | |
| 206C(1H) | રૂા. ૧૦ કરોડથી વધુ ટર્નઓવર હોય તેવા વેપારી વર્ષ દરમ્યાન કોઈને રૂા. ૫૦ લાખથી વધુ રકમનું વેચાણ કરે તો આવા ખરીદનાર પાસેથી વસુલ કરવાની T.C.S<br>નોંધ : ઈમ્પોર્ટ - એક્ષપોર્ટના વ્યવહારોને આમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. | ૦.૦૧% | ૦.૦૭૫% |

## (૭) નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ એટલે કે એસેસમેન્ટ વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઈન્કમટેક્ષ ના દર નીચે પ્રમાણે છે. :-

(૧) વ્યકિત (સ્ત્રી કે પુરૂષ), HUF કે AOP (લોઅર રેટ)ના કેસમાં

| ઈન્કમટેક્ષના દર | |
|---|---|
| આવકની વિગત | ટેક્ષનો દર |
| (૧) પ્રથમ રૂા.૨,૫૦,૦૦૦/- સુધીની આવક | માફ છે. |
| (૨) રૂા.૨,૫૦,૦૦૧/-થી રૂા.૫,૦૦,૦૦૦/- સુધી, | ૫% |
| (૩) રૂા.૫,૦૦,૦૦૧/-થી રૂા.૧૦,૦૦,૦૦૦/- સુધી | ૨૦% |
| (૪) રૂા.૧૦,૦૦,૦૦૧/- થી ઉપરની આવક ઉપર | ૩૦% |

| સરચાર્જ દર | |
|---|---|
| આવકની વિગત | સરચાર્જનો દર |
| (૧) રૂા. ૫૦ લાખથી ૧ કરોડ સુધી | ૧૦% |
| (૨) રૂા. ૧ કરોડથી ૨ કરોડ સુધી | ૧૫% |
| (૩) રૂા. ૨ કરોડથી ૫ કરોડ સુધી | ૨૫% |
| (૪) રૂા. ૫ કરોડથી વધુ આવક ઉપર | ૩૭% |

D.P. Thakker & Co.

**નોંધ :-**

(૧) સ્ત્રી કે પુરુષ વ્યકિતના કેસમાં ઉંમર ૬૦ વર્ષથી ૮૦ વર્ષ સુધીની હોય તો શરૂઆતની માફી રકમ રૂ.૨,૫૦,૦૦૦/- ને બદલે રૂા.૩,૦૦,૦૦૦/- છે.

(૨) સ્ત્રી કે પુરુષના કેસમાં ઉંમર ૮૦ વર્ષથી વધુ હોય તો શરૂઆતની માફી રકમ રૂ.૨,૫૦,૦૦૦/- ને બદલે રૂ.૫,૦૦,૦૦૦/- છે.

(૩) ઉપર પ્રમાણે ટેક્ષ + સરચાર્જની જે રકમ થાય તેના ઉપર ૪% એજ્યુકેશન સેસ લાગે.

(૪) જો રેસીડેન્ટ Individual (અંગત) ને નેટ આવક રૂા. ૫,૦૦,૦૦૦/- વધુ ના હોય તો તેને ભરવાપાત્ર ટેક્ષમાંથી રૂા. ૧૨,૫૦૦/- સુધીનું રીબેટ મળશે. જેના કારણે રૂા. ૫,૦૦,૦૦૦/- સુધીની આવક ઉપર ટેક્ષ ભરવાનો રહેતો નથી. (કલમ - 80C, 80D, 80G, પગારનું ડીડક્શન વિગેરે બાદ કર્યા પછીની આવક ૫ લાખથી વધવી ન જોઈએ.)

(૫) વ્યક્તિ અને HUF ના કેસમાં બાદ મળવા પાત્ર ડીડકશનના કારણે ધંધાના નફાની રકમ ઓછી થતી હોય અને બુક પ્રોફીટ રૂા. ૨૦ લાખથી વધુ હોય તો ઓલ્ટરનેટ મીનીમમ ટેક્ષ (AMT) ભરવો પડે.

**(૭) અંગત અને HUF ને કુલ આવકમાંથી બાદ મળવાપાત્ર કપાત :-**

(૧) LIC, PPF, બે બાળકો સુધીની સ્કૂલ ફી, હાઉસીંગ લોનના ભરેલા હપ્તામાં મુદ્દલ, NSC વિગેરે મળીને રૂા.૧,૫૦,૦૦૦/- સુધીની રકમ બાદ મળે છે તથા NPS (નેશનલ પેન્શન સ્કીમ)માં ભરેલી રૂા. ૫૦,૦૦૦/- સુધીની રકમ વધારાની બાદ મળે છે.

(૨) મેડીકલ ઈન્સ્યોરન્સ પ્રિમીયમ રૂા. ૨૫,૦૦૦/- સુધી અને હેલ્થ ચેકઅપ ખર્ચ રૂા. ૫૦૦૦/- સુધી બાદ મળે છે.

(૩) ઉપરોક્ત જોગવાઈમાં અપવાદ કરેલો છે કે મેડીકલ ઈન્સ્યોરન્સ પ્રિમીયમ ભરનાર વ્યક્તિની ઉંમર ૬૦ વર્ષથી ઉપર હોય તો મેડીકલ વીમા પ્રિમીયમ રૂા. ૩૦,૦૦૦/- સુધી બાદ મળશે.,

(૪) ઉપરોકત જોગોઈમાં વધારાની જોગવાઈ છે કે પોતાની ફેમીલીનો કે મા-બાપનો મેડીકલ ઈન્સ્યોરન્સ ના હોય તો મેડીકલ ટ્રીટમેન્ટનો ચેક થી કે બેંક થ્રુ કરેલ ખર્ચ વધુમાં વધુ રૂા. ૫૦,૦૦૦/- + રૂા. ૫૦,૦૦૦/- બાદ મળે છે.

(૫) હેન્ડીકેપ વ્યક્તિને નિયમ પ્રમાણે રૂા. ૭૫,૦૦૦/- કે રૂા. ૧,૨૫,૦૦૦/- ની રકમ બાદ મળે છે. આ માટે Form 10 IA માં ગવર્મેન્ટ હોસ્પિટલનું યોગ્ય સર્ટીફીકેટ લેવું જરૂરી છે.

(૬) 80 G માફી સર્ટીફીકેટ ધરાવતી સંસ્થાને આપેલા દાનની રકમના ૫૦% રકમ બાદ મળે છે. પણ કુલ આવકના ૧૦% થી વધુ રકમનું દાન મજરે મળતું નથી. આવી દાનની રકમ રૂા. ૨૦૦૦ થી વધુ હોય તો A/c Pay ચેક/ડી.ડી. થી આપેલ હોય તો જ બાદ મળે.

(૭) સિનીયર સીટીજનને સેવિંગ્સ એકાઉન્ટ તથા બેંક તથા પોસ્ટ ઓફિસની F.D. નું વ્યાજ રૂા. ૫૦,૦૦૦/- સુધી બાદ મળે છે.

(૮) સિનીયર સીટીજન સિવાયની વ્યક્તિને તથા H.U.F ને બેંકોના તથા પોસ્ટ ઓફિસના સેવિંગ ખાતાનું વ્યાજ રૂા. ૧૦,૦૦૦/- સુધી બાદ મળશે. F.D.નું વ્યાજ બાદ મળતું નથી.

(૯) બેંકો તથા પોસ્ટ ઓફિસમાંથી સિનીયર સીટીજનને રૂા. ૫૦,૦૦૦/- સુધીનું વ્યાજ મળે તો T.D.S થાશે નહીં. પરંતુ જો આવું વ્યાજ રૂા. ૫૦,૦૦૦/- થી વધુ મળે તો T.D.S થાશે.

(૧૦) હાઉસીંગ લોન ઉપર ભરેલ રૂા. ૨ લાખ સુધીનું વ્યાજ અને જો હાઉસીંગ લોન તા. ૧/૪/૨૦૧૯ થી તા. ૩૧/૦૩/૨૦૨૦ દરમ્યાન રૂા. ૪૫ લાખની કિંમત સુધીના રહેવાના મકાન ઉપર લીધી હોય અને આ સિવાય

D.P. Thakker & Co.

બીજું રહેવાનું મકાન ન હોય તો હાઉસીંગ લોન ઉપરનું વ્યાજ રૂા. ૧,૫૦,૦૦૦/- વધારાનું બાદ મળશે એટલે કુલ વ્યાજ રૂા. ૩,૫૦,૦૦૦/- સુધી બાદ મળી શકશે.

(૧૧) પગારની આવક હોય તો સ્ટાન્ડર્ડ ડીડક્શન રૂા. ૫૦,૦૦૦/- બાદ મળવા પાત્ર છે.

## (૮) વ્યક્તિ, સ્ત્રી કે પુરૂષ અને H.U.F માટે રાહતના નવા દર :-

(૧) ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૨૦-૨૧ થી મધ્યમ આવક ધરાવતાં કેસમાં પસંદગી કરવાના ધોરણે ઈન્કમટેક્ષના રાહતકારક દર નીચે પ્રમાણે કેટલીક શરતોને આધીન દાખલ કરેલા છે.

| અ.નં. | આવકની વિગત | ટેક્ષનો દર |
|---|---|---|
| (૧) | રૂા. ૨,૫૦,૦૦૦/- સુધી | શૂન્ય |
| (૨) | રૂા. ૨,૫૦,૦૦૦/- થી રૂા. ૫,૦૦,૦૦૦/- | ૫% |
| (૩) | રૂા. ૫,૦૦,૦૦૦/- થી રૂા. ૭,૫૦,૦૦૦/- | ૧૦% |
| (૪) | રૂા. ૭,૫૦,૦૦૦/- થી રૂા. ૧૦,૦૦,૦૦૦/- | ૧૫% |
| (૫) | રૂા. ૧૦,૦૦,૦૦૦/- થી રૂા. ૧૨,૫૦,૦૦૦/- | ૨૦% |
| (૬) | રૂા. ૧૨,૫૦,૦૦૦/- થી રૂા. ૧૫,૦૦,૦૦૦/- | ૨૫% |
| (૭) | રૂા. ૧૫,૦૦,૦૦૦/- થી વધુ | ૩૦% |

**નોંધ :-** ઉપર પ્રમાણે આવકવેરાની જે રકમ થાય તેના ઉપર ૪% સેસ લાગે.

(૨) ઉપરના નવા દર પ્રમાણે ટેક્ષ ભરવો હોય તો જો ધંધાની આવક કે ભાગીદારી પેઢીમાંથી આવક ન હોય તો દર વર્ષે રીટર્ન ભરતાં પહેલાં પસંદગી કરવાની છે કે નવા રાહતકારક દર પ્રમાણે ઈન્કમટેક્ષ ભરવો છે કે જુના દર પ્રમાણે ઈન્કમટેક્ષ ભરવો છે.

(૩) જે અંગત કે HUF ધંધો કરતા હોય કે તેવી પેઢીમાં ભાગીદાર હોય તેઓ નવા રાહતદરથી ઈન્કમટેક્ષ ભરવા માટેની પસંદગી કરી શકે છે અને આવી પસંદગી કરી હોય તો પછીના વર્ષોમાં એક વખત પસંદગીમાં ફેરફાર કરી શકશે અને દર વર્ષે તે પ્રમાણે ટેક્ષ ભરવો પડશે.

**(૪) નવા રાહત દર પ્રમાણે ટેક્ષ ભરવાનું પસંદ કરવામાં આવે તો અંગત તથા HUF ને કુલ આવકમાંથી ઉપર કલમ (૭) માં લખ્યા પ્રમાણેની કપાત બાદ મળશે નહીં.**

(૫) એટલે દર વર્ષે ધંધા સિવાયની આવક ધરાવનારે નવા દર પ્રમાણે ભરવાનો ટેક્ષ અને જુના દર પ્રમાણે ભરવાનો ટેક્ષ ગણત્રી કરી જેમાં ફાયદો હોય તેની પસંદગી કરી ટેક્ષ ભરવાનો રહેશે.

(૬) એટલે આ રીતે આવકના પ્રકાર પ્રમાણે પસંદગી કરવાની રહે છે.

## (૯) ભાગીદારી પેઢી તથા LLP માટે :-

(૧) બધી આવક ઉપર ટેક્ષ લાગે એટલે કે કોઈ આવક માફ નથી.

(૨) ટેક્ષનો એક જ દર છે તે ૩૦% છે અને તેના ઉપર ૪% લેખે એજ્યુકેશન સેસ લાગે.

(૩) બાદ મળવાપાત્ર ડીડક્શનના કારણે નફાની રકમ ઓછી થતી હોય તો બુક પ્રોફીટ ઉપર ઓલ્ટરનેટ મીનીમમ ટેક્ષ (AMT) ૧૮.૫% અને ૪% એજ્યુકેશન સેસ ભરવી પડે.

(૪) જો આવક રૂા. ૧ કરોડ થી વધુ હોય તો ટેક્ષની રકમના ૧૨% સરચાર્જ લાગે અને ટેક્ષ તથા સરચાર્જની રકમ ઉપર ૪% એજ્યુકેશન સેસ લાગે.

D.P. Thakker & Co.

(૫) ભાગીદારની મુડીનું મળવાપાત્ર ૧૨% સુધીનું વ્યાજ અને ભાગીદારોનો બાદ મળવાપાત્ર પગાર બાદ લેવા માટે ભાગીદારી દસ્તાવેજમાં તે માટેની લેખીત જોગવાઇ હોવી જરૂરી છે. જો આવી લેખીત જોગવાઇ ભાગીદારી દસ્તાવેજમાં ના હોય તો ભાગીદારોનું વ્યાજ કે પગાર બાદ મળે નહીં.

**(૧૦) પ્રાઇવેટ કે પબ્લીક લીમીટેડ કંપની માટે :-**

(૧) ડોમેસ્ટીક કંપનીનું F.Y. ૨૦૧૮-૧૯ માં કુલ ટર્નઓવર રૂા. ૪૦૦ કરોડથી ઓછું હોય તો ૨૫% ઇન્કમટેક્ષનો દર છે અને તે સિવાયની કંપનીઓ માટે ૩૦% દર છે. ટેક્ષ ઉપર ૪% સેસ લાગશે અને સરચાર્જ નીચે પ્રમાણે લાગશે.

| કંપનીની આવક | સરચાર્જનો દર |
|---|---|
| (૧) રૂા. ૧ કરોડ થી ૧૦ કરોડ | ૭% |
| (૨) રૂા. ૧૦ કરોડ કે તેથી વધુ | ૧૨% |

જો કોઇ ડીડકશનના કારણે કંપનીને નેટ આવક ઉપર ભરવાપાત્ર ઇન્કમટેક્ષ બુક પ્રોફીટના ૧૫% થી ઓછો થતો હોય તો કંપનીએ MAT ૧૫% ભરવો પડે.

(૨) અપવાદરૂપ મેન્યુફેકચરીંગ કંપનીઓ જો કોઇ ડીડકશન બાદ ના લે તો ટેક્ષનો દર ૨૨% છે.

(૩) કંપનીના કેસમાં CSR હેઠળ જે રકમ વાપરવાની હોય તે પ્રાઇમ મીનીસ્ટર CARES ફંડમાં દાન આપવાથી ૧૦૦% બાદ મળવાપાત્ર છે અને અન્ય ટ્રસ્ટને કલમ 80G હેઠળ દાન આપવાથી દાનની ૫૦% રકમની કપાત બાદ મળવાપાત્ર છે.

(૪) લીમીટેડ કંપનીને ડીવીડન્ડ વહેંચવાથી ડીવીડન્ડ ડીસ્ટ્રીબ્યુશન ટેક્ષ (DDT) લાગતો હતો તે જોગવાઇ તા. ૧/૪/૨૦૨૦ થી કાઢી નાખી છે. એટલે હવે કંપની તેના રીઝર્વમાંથી ડીવીડન્ડની વહેંચણી કરશે તેના ઉપર DDT નહીં લાગે. પરંતુ ડીવીડન્ડ મેળવનારને ડીવીડન્ડની આવક માફ નહીં મળે. તેમણે અન્ય આવકની સાથે ડીવીડન્ડ આવકનો પણ ટેક્ષ ભરવો પડશે.

**(૧૧) નોન રેસીડન્ટ :-**

(૧) કોઇપણ વ્યક્તિ, પેઢી, કંપની, LLP કે HUF નોન રેસીડન્ટ વ્યક્તિ/ HUF/પેઢી/કંપનીને વ્યાજ, નફો, ભાડું વિગેરે ચુકવે કે ખાતામાં જમા કરે તો આ TDS કરવી પડે.

(૨) નોન રેસીડન્ટને નાની કે મોટી ગમે તે રકમની આવક ચુકવવામાં આવે કે તેના ખાતે જમા કરવામાં આવે તો આ TDS લાગુ પડે દા.ત. વ્યાજ રૂા. ૫૦૦/- ચુકવવામાં આવે તો પણ TDS કરવી પડે એટલે કે આ TDS માટે કોઇ માફી રકમ નથી. નોન રેસીડેન્ટ ને ભાગીદાર તરીકે નફો આપવામાં આવે તો પણ TDS કરવી પડે

(૩) નોન રેસીડેન્ટના કેસમાં TDS થઇ હોય તેનું રીફંડ લેવા માટે નોન રેસીડેન્ટને આવક ટેક્ષેબલ હોય તો ભરવાપાત્ર ટેક્ષ સામે આવી TDS ની રકમ બાદ મળે અને બાકીની વધારાની રકમનું રીફંડ મળે. જો આવક Taxable ન હોય તો બધી રકમનું રીફંડ મળે. આ માટે ઇન્કમટેક્ષનું રીટર્ન ભરવું પડે.

(૪) નોન રેસીડેન્ટને ચુકવવાની આવકમાંથી કરવાની TDS ના દર નીચે પ્રમાણે છે.

(૧) U.S.A./U.K./ Canada / Australia માં રહેતા હોય તેવા નોન રેસીડેન્ટ જો તે દેશનું Tax Residency Certificate (TRC) આપે તો ૧૫.૬૦% લેખે નહીંતર ૩૧.૨૦% લેખે.

D.P. Thakker & Co.

(૨) ઉપરના દેશો સિવાય અન્ય દેશોમાં રહેતાં હોય તેવા Non- Resident માટે ૩૧.૨૦% લેખે.

(૩) નોન રેસીડેન્ટ TDS માફી માટે 15G/15H આપી શકતા નથી એટલે ગમે તેટલી રકમ હોય તો પણ ઉપર મુજબ TDS કરવી પડે.

**(૫) નોન રેસીડેન્ટના કેસમાં સને ૨૦૨૦-૨૧નું રીટર્ન ભરવા બાબતે કેટલાક ફેરફાર થયા છે. તેની સમજ માટે નોન રેસીડેન્ટનું રીટર્ન ભરવાનું હોય તેમણે રૂબરૂ મળવું.**

**(૧૨) જાહેર ધર્માદા ટ્રસ્ટ અને સંસ્થાને સ્પર્શતી જોગવાઈમાં મહત્ત્વના ફેરફારો :-**

(૧) તા. ૧/૧૦/૨૦૨૦ થી દરેક ધર્માદા / જાહેર ટ્રસ્ટે નવેસરથી ઈન્કમટેક્ષ કાયદા હેઠળ રજીસ્ટ્રેશન કરાવવાનું ફરજિયાત છે.

(૨) તેવી જ રીતે જે જાહેર / ધર્માદા ટ્રસ્ટે ઈન્કમટેક્ષ માફીનું કલમ 80 G હેઠળ સર્ટીફીકેટ મેળવેલ હોય તે નવા મેળવવા ફરજિયાત કરેલ છે.

(૩) આવી નવી અરજીઓ તા. ૧/૧૦/૨૦૨૦ થી તા. ૩૧/૧૨/૨૦૨૦ દરમ્યાન કરવાની છે.

(૪) એટલે ઉપરોકત બાબત અંગે સપ્ટેમ્બર ૨૦૨૦માં આ અંગે વિગતવાર જાણ કરીશું.

(૫) સને ૨૦૧૯-૨૦ એટલે A.Y. ૨૦૨૦-૨૧ માટેનું ઓડીટ તા. ૩૧/૧૦/૨૦૨૦ સુધીમાં કરાવી લેવાનું રહે છે અને ઓડીટ રીપોર્ટ તથા ફોર્મ 10-B તા. ૩૧/૧૦/૨૦૨૦ સુધીમાં ઈન્કમટેક્ષ ઓફિસમાં ઓનલાઈન રજુ કરવું ફરજિયાત છે.

(૬) અને ઈન્કમટેક્ષ રીટર્ન તા. ૩૦/૧૧/૨૦૨૦ સુધીમાં ભરવાનું છે. આ રીટર્નમાં દાન આપનારની PAN સાથેની જરૂરી વિગત ભરવી ફરજિયાત કરેલ છે. અને ટ્રસ્ટના રીટર્નમાં આ રીતે દાનની જે વિગત લખી હશે. તેના આધારે દાન આપનાર ને કલમ 80 G હેઠળ કપાત બાદ મળશે.

(૭) ટ્રસ્ટના રીટર્નમાં દાન અંગેની જરૂરી વિગત ભરી ન હોય તો ટ્રસ્ટને દંડ કરવાની જોગવાઈ દાખલ કરેલ છે.

**(૧૩) કલમ 44AB હેઠળ ઓડીટની જોગવાઈ :-**

(૧) અત્યારની જોગવાઈ પ્રમાણે જો પેઢીનું ટર્નઓવર રૂા. ૧ કરોડથી વધુ હોય તો ટેક્ષ ઓડીટ કરાવવું જરૂરી છે.

(૨) સને ૨૦૧૯-૨૦ A.Y. ૨૦૨૦-૨૧ થી એટલે કે જે રીટર્ન હવે ભરવાનું છે તેમાં નીચેની શરતોને આધીન રૂા. ૫ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતી પેઢીઓને ટેક્ષ ઓડીટમાંથી મુક્તિ આપેલ છે.

(૧) જો આવી પેઢીની નાણાંકીય વર્ષ દરમ્યાન રોકડ રીસીપ્ટ તેની કુલ રીસીપ્ટ ના ૫% થી વધુ ન હોય તો અને

(૨) જો આવી પેઢીની નાણાંકીય વર્ષ દરમ્યાન રોકડ પેમેન્ટ તે કુલ પેમેન્ટના ૫% થી વધુ ન હોય તો

નોંધ : રોકડ રીસીપ્ટ અને રોકડ ચુકવણીમાં બેંકમાંથી ઉપાડેલ રોકડ રકમ તથા બેંકમાં ભરેલ રોકડ રકમ સિવાયની બધી રોકડ લેતી-દેતીનો સમાવેશ થાય. દા.ત. માલિક કે ભાગીદારોના ખાતામાં થયેલા રોકડ વ્યવહારો તથા મજૂરી, દુકાન ખર્ચ, ખરાજાત વિગેરે ખર્ચા.

(૩) રૂા. ૧ કરોડથી વધુ ટર્નઓવર હોય અને રૂા. ૫ કરોડથી ઓછું ટર્નઓવર હોય તો પણ ઓડીટ કરાવવું ફરજિયાત ગણવું. કારણ જો નવી જોગવાઈ પ્રમાણે ઓડીટ કરાવવામાં ન આવે તો ટર્ન ઓવર નો નફો ઉચ્ચક ૬% કે ૮% ગણાય અને ભાગીદારોનું વ્યાજ તથા ભાગીદારોનો પગાર બાદ મળે નહીં. એટલે કલમ 44AD હેઠળ ઓડીટ કરાવવું પડે તો જ હિસાબો પ્રમાણે આવક ગણાય.

D.P. Thakker & Co.

**(૧૪) હિસાબી ચોપડામાં ખોટી એન્ટ્રી કરવા માટે કે કોઇ એન્ટ્રી ન કરવા માટે આકરા દંડની જોગવાઇ :-**

(૧) તા. ૧/૪/૨૦૨૦ થી આકરા દંડની જોગવાઇ કરેલ છે.

(૨) હિસાબી ચોપડામાં FALSE ENTRY એટલે કે ખોટી એન્ટ્રી કરવા માટે કે કોઇ એન્ટ્રી ન કરવા માટે એન્ટ્રીની રકમ જેટલો એટલે કે ૧૦૦% દંડ કરવાની નવી જોગવાઇ દાખલ થઇ છે.

(૩) ઉપર પ્રમાણે ખોટી એન્ટ્રી કરનાર તથા આવી ખોટી એન્ટ્રી કરાવવા જવાબદાર શખ્સ બંને ઉપર દંડ થઇ શકશે.

(૪) FALSE ENTRY માં બનાવટી કે ખોટા દસ્તાવેજો એટલે કે માલ કે સેવાના ખોટા બીલો કે જે શખ્સનું અસ્તીત્વ ન હોય તેવા નામે ટેક્ષ બચાવવા તૈયાર થયેલા ખોટા બીલો, ઇનવોઇસ, e-way બીલ વિગેરેનો સમાવેશ થાય છે.

(૫) GST ખાતું કે અન્ય સરકારી ખાતું ખોટા વ્યવહારોની જાણ ઇન્કમટેક્ષ ખાતાને કરતાં હોય છે. તેવી જ રીતે ઇન્કમટેક્ષ ખાતું GST ખાતાને જાણ કરતું હોય છે.

(૬) આ જોગવાઇ દરેકને લાગુ પડે છે. તેથી ખૂબજ સાવચેતી રાખી હિસાબોમાં ઉપર પ્રમાણેની કોઇ ભૂલ રહે નહીં તે માટે વિશેષ કાળજી લેવી જરૂરી છે.

(૧૫) ચાલુ વર્ષના રીટર્ન ભરવા અંગે :-

(૧) સને ૨૦૧૯-૨૦ A.Y. ૨૦૨૦-૨૧ ના અંગત તથા પેઢીઓના રીટર્ન ભરવાનું કામ શરૂ થયેલ છે એટલે દર વર્ષની જેમ અંગત તથા પેઢીના રીટર્ન ભરવા માટે જે વિગતો આપો છો તે પ્રમાણે વિગતો તૈયાર કરી વહેલાસર મોકલશો.

(૨) નીચેના કેસમાં ટેક્ષેબલ આવક ન હોય તો પણ રીટર્ન ભરવા જરૂરી છે.

(૧) વર્ષ દરમ્યાન બેંકોના બધા કરંટ ખાતામાં થઇને રોકડ, ચેક, ડ્રાફ્ટ વિગેરે મળીને રૂા. ૧ કરોડ થી વધુ રકમ ભરેલી હોય.

(૨) પોતે કે બીજા કોઇ માટે ફોરેન મુસાફરીનો ખર્ચ રૂા. ૨ લાખ થી વધુ કરેલ હોય.

(૩) રૂા. ૧ લાખ થી વધુ ઇલેક્ટ્રીક લાઇટબીલ ભરેલ હોય

(૩) ભાગીદારી પેઢીના કેસમાં ભાગીદારોના PAN તથા આધાર નંબર આપવા.

(૪) કોઇ પેઢીમાં ભાગીદાર હોય તે પેઢીનો PAN તથા પેઢીના રીટર્નની સમરી આપવી.

(૫) વ્યક્તિગત રીટર્ન ભરવા માટે પાસપોર્ટ હોય તો તેનો નંબર આપવો.

(૧૬) ઉપરોક્ત બાબતો સિવાય અમારા તા. ૧૦/૦૩/૨૦૨૦ ના સરક્યુલરની અન્ય બાબતોમાં ફેરફાર નથી એટલે તે બાબતોનું યોગ્ય પાલન કરવું જરૂરી છે.

(૧૭) GST માં અવાર-નવાર થતા ફેરફાર અંગે દરેક વેપારીને અલગથી જાણ કરીએ છીએ. જે મળતી હશે અને GSTની કોઇ બાબતો અંગે ખુલાશો કે માહિતીની જરૂર હોય તો સંપર્ક કરશો.

કુશળ હશો.

લી.
ધીરૂભાઇ - કનુભાઇ
પિયુષભાઇ - નીખીલભાઇ

D.P. Thakker & Co.